ગાંધીનગર મને ગમે છે...

જયેશ આગજા
(પ્રમુખ, સેક્ટર-૩, ન્યુ વસાહત મંડળ)

ગાંધીનગર શહેરનું ૭૦-૭૫ વર્ષો પહેલાં અસ્તિત્વ જ ન હતુ પણ સમય જતાં આજુબાજુના ગામડા બોરીજ, પેથાપુર, શાહપુર, ધોળાકૂવા, ઈન્દ્રોડા, સરગાસણ, રાયસણના સીમાડા અને ગોચર જગ્યા પર સરકાર દ્વારા આયોજીત નગર બનાવ્યુ જે સાબરમતીના કિનારે ગાંધી આશ્રમથી નજીક હોય મહાત્મા ગાંધીની યાદમાં ગાંધીનગર શહેરનો જન્મ થયો જેમાં પેથાપુર જીઈબી ખાતે પાયો નંખાયો અને સરકારી કર્મચારીઓ માટે રહેઠાણ થકી ઉભુ થયેલુ નગર છે. હું છેલ્લા ૪૫ વર્ષથી ગાંધીનગર વસવાટ કરૂ છુ મને ગાંધીનગર ગમે તો છે પણ એકવાર ગાંધીનગરની મુલાકાત કરનાર તે ગાંધીનગરમાં વસવાના સ્વપ્નોમાં સરી પડે છે. કોઈ શહેર ગમવું કે ન ગમવું તેના કારણો અનેક હોય છે. મારે મન ગાંધીનગર શહેર દુનિયાનું સર્વશ્રેષ્ઠ રહેણાંક સ્થળ છે.

ગાંધીનગરમાં ઔદ્યોગિક વસાહતો કે કારખાનાં ન હોય સંપૂર્ણ પ્રદૂષણમુક્ત, ખુશનુમા વાતાવરણ, અસંખ્ય વનરાજી, શુષ્ક હવા સદાય મહેકતુ રાખે છે. શહેરમાં બાગ-બગીચાની અનેક સંખ્યા, રોડનું પ્લાન્ટેશન રંગબેરંગી ફૂલ છોડ, વૃક્ષો બીજા નગર કરતાં ચઢીયાતું છે.

ગાંધીનગર વસતા કર્મચારી સમગ્ર ભારત, ગુજરાતના અનેક સ્થળો આવી કાયમી વસવાટ કરે છે જેથી બધા પ્રકારના ધર્મો, સંપ્રદાય, જાતિ, વર્ણના લોકો એક કુટુંબ ભાવનાથી સાથ-સહકાર-સંપથી રહે. સદાય આનંદમય સમય પસાર કરે છે. જેથી ગાંધીનગમાં મંદિરો, ચર્ચો, મસ્જિદ, દરગાહ, ગુરૂદ્વારા, જૈન મંદિર, હવેલીમાં દરેક ધર્મના લોકો નાના-મોટા ધાર્મિક, સામાજિક અને સંસારિક પ્રસંગો એક-મેક સાથે રહી ઉજવે છે. વિશ્વબંધુત્વની ભાવના તો ગાંધીનગરમાં છલકાય છે.

રોડ, રસ્તા, ગટર, પાણી, ટ્રાફિક જેવી કોઈ સમસ્યા ગાંધીનગરમાં નથી કેમ કે તે પ્લાનીંગ કરેલ શહેર છે.

હાલની પરિસ્થિતિએ જોતા ગાંધીનગર એક શૈક્ષણિક હબ છે જ જ્યાં ચિલ્ડ્રન યુનિ., કડી સ્કૂલની યુનિ., આંબેડકર યુનિ., ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યૂટ, સાથે ધો. ૧૨ સાયન્સની અનેક ખ્યાતનામ સ્કૂલો જેના વિદ્યાર્થી દેશ-વિદેશ નામાંકિત ઉચ્ચ ડીગ્રી મેળવી આપવામાં કોઈ કસર છોડતા નથી. લોકો બાળકના ભવિષ્યને લઈ ગાંધીનગર વસવાટ કરી તેની કારકિર્દી માટે ગાંધીનગર પસંદ કરે છે. હજારોની સંખ્યા છોકરા-છોકરીઓ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ગાંધીનગરની સંસ્થા સાથે જોડાઈ ભવિષ્યમાં સરકારી અધિકારી બનાવા સફળ રહ્યા છે.

થોડા સમય પહેલાં જ ''સ્વચ્છતા અભિયાન ભારત'' અંતર્ગત ગાંધીનગરને દેશના દસ શહેરમાં તેનુ નામ આવેલ છે. જેથી ગંદકી વગરનું શહેર કોને ન ગમે?

વર્તમાન સરકાર વિકાસને મહત્વ આપે છે જેથી ગાંધીનગર જ્યારે ૪૦૦નો વસવાટ હતો તેના આજે પેથાપુરથી અમદાવાદ, સરખેજ, કલોલ સુધી ઠેર ઠેર ઉંચી ઉંચી ઈમારતો ગાંધીનગરમાં વસતા લોકોથી ઉભરાય છે. અમદાવાદ અને ગાંધીનગર એક જ બની રહ્યુ છે.

● અનુસંધાન પાના ૭ પર

સચિવાલયમાં સંવેદનાનો સમંદર છલકાયો

નાયબ સેક્શન અધિકારી બન્યાના ચોથા મહિને કાળની ઝપટમાં જીવ ગુમાવનાર ૨૮ વર્ષીય સુખાભાઈ રબારીના પરિવારને સચિવાલયના સાથી મિત્રોએ ૩૧ લાખ જેવી માતબર રકમ એકત્ર કરી પહોંચાડી સંવેદનાનો અનોખો ઈતિહાસ રચ્યો : સુખાભાઈની નાની બહેનને ગાંધીનગરમાં લોકરક્ષકની પરીક્ષા માટેની તૈયારીઓમાં પણ ભાઈ તરીકેની ભૂમિકા અદા કરનાર સંવેદનશીલ સાથી મિત્રોની મહેનત રંગ લાવી અને સુખાભાઈની બહેન ઉત્તિર્ણ થતાં સૌએ સંતોષ અનુભવ્યો

ગાંધીનગર, તા. ૨૨

સુખાભાઈ રબારી, ઉંમર ૨૮ વર્ષ, સચિવાલયમાં નાયબ સેક્શન અધિકારી તરીકેની મોભાદાર પોસ્ટ. પરિવારમાં ચાર બહેનો અને મા-બાપ...

આટલુ વાંચીએ એટલે ચોક્કસ થાય કે યુવાનને અને તેના પરિવારને હવે જલ્સે જલ્સા હશે. પરંતુ આ યુવાન અને પરિવાર પોતાની આર્થિક મુશ્કેલીઓ દુર કરી, નાનકડુ પાકુ ઘર બનાવવાની શરૂઆત કરે, થોડાક સપનાઓ જોવાની શરૂઆત કરે અને થોડીક જલ્સાવાળી જિગંદી જીવવાની શરૂઆત કરે છે ત્યાં તો કુદરતની કારમી થપાટ આ માંડ હસતા થયેલા ખંત શ્રમિક પરિવારના સભ્યોના મોં પરથી નાનકડી મુસ્કાન પણ છીનવી લે છે. કુદરત જેટલી રહેમ કરે છે તેટલી જ ક્રૂરતા કે તેનાથી વધુ ક્રૂરતા બતાવે ત્યારે ઈશ્વરને સવાલો પુછવા માનવી અધિરો બની જાય છે. સુખાભાઈ રબારી પ્રમોશનનો બીજો કે ત્રીજો પગાર મેળવે તે પહેલા જ જીવેણ કેન્સરમાં સપડાયા. હજુ તો તે અને તેમનો પરિવાર આ આઘાત સહન કરીને સારવાર કરાવવાના તબક્કામાં પહોંચે તે પહેલા જ માત્ર પંદર જ દિવસમાં સુખાભાઈ જીવનલીલા સંકેલીને પ્રભુના ધામમાં પહોંચી જાય છે. સુખાભાઈ વિદાય થયા તે સાથે જ તેમના ઘરમાંથી જાણે સુખે વિદાય લઈ લીધી અને આખો પરિવાર ઘોર નિરાશા અને અંધકારમાં ધકેલાઈ ગયો. ચાર બહેનોનો ભાઈ અને ખેત મજૂર મા-બાપનો એકનો એક પુત્ર આવી રીતે અચાનક કાયમ માટે વિદાય લઈ લે તે પરિવાર પર તો આભ જ તુટી પડે ને... કોણ કોને સધિયારો આપે...

સુખાભાઈના પરિવાર માટે ખુબ જ પીડાદાયક આ સમયગાળામાં પરિવારને સધિયારો, સાથ અને હૂંફ આપી તેમના સચિવાલયના સહકર્મી સરકારી કર્મચારી-અધિકારી મિત્રોએ. સરકારી કર્મચારીઓની સામાન્ય છાપ એવી હોય છે કે સરકારી કર્મચારીઓ એટલે નિરસ અને સંવેદનાવિહિન...

કેટલાક સરકારી બાબુઓના કર્મોના પ્રતાપે એવી છાપ પડે છે કે સરકારી કર્મચારીઓ ફાઈલ પર વજન ના મુકે ત્યાં સુધી કાંઈ ન કરે. તેમને લોકોની સંવેદનાઓ અને સમસ્યાઓની જાણે કઈ પડી જ નથી...

પરંતુ જરાક આજુબાજુ નજર ફેરવશો તો એવા સરકારી કર્મચારીઓ-અધિકારીઓ જોવા

મળશે જે સંવેદનાથી ભારો ભાર ભરેલો હોય છે. સંગીત-સાહિત્ય અને માનવતા પ્રત્યેનો અનહદ લગાવ તેમને સંવેદનાસભર બનાવે છે. માનવતા અને સંવેદના જેના હૃદયમાં સતત ધડકે છે તેવા સુખાભાઈના સરકારી કર્મી મિત્રો સુખાભાઈના અચાનક અવસાનથી હતપ્રદ બની ગયા... દરરોજ સાથે બેસીને ચા પીતા, હસતા-વાતો કરતા અને સુંદર ભવિષ્યની કલ્પનાઓ કરતા સુખાભાઈના આકસ્મિક અવસાનથી તેમના મિત્ર વર્તુળમાં જાણે સોપો પડી ગયો. સુખાભાઈના ખાસ મિત્રોના શોકનો પાર ન રહ્યો પરંતુ જે કર્મચારીઓ તેમને માત્ર જાણતા-ઓળખતા હતા તેઓએ પણ પારાવાર દુઃખ અનુભવ્યુ... પરંતુ શોકમાં ગરકાવ મિત્ર વર્તુળને લાંબો સમય શોકમાં રહેવાય તે પોષાય તેમ ન હતુ. તેઓ તુરંત જ તેના પરિવારની વહારે પહોંચી ગયા...

સુખાભાઈના પરિવારને મદદરૂપ થવા માટે ટહેલ નાંખવામાં આવી. સાથી કર્મચારી મિત્રોએ સુખાભાઈના પરિવારને માનસિક સધિયારો તો આપ્યો પરંતુ આર્થિક રીતે સુખાભાઈ પર જ નિર્ભર એવા આ પરિવારને આર્થિક સહાય આપવા ભંડોળ એકત્ર કરવાનું શરૂ કરાયુ. સુખાભાઈની બેચના મિત્રો ઉપરાંત અન્ય સાથી અધિકારી-કર્મચારીઓ પણ ધીમે ધીમે તેમાં જોડાતા ગયા. ટીંપે ટીંપે સરોવર ભરાય તેમ બે-પાંચ હજારની રકમ એકત્ર થતાં થતાં તે લગભગ ૩૧ લાખ સુધી પહોંચી ગઈ. જે તાજેતરમાં જ સુખાભાઈના પિતાને પહોંચાડી દેવાઈ છે.

સુખાભાઈના પરિવારને આર્થિક રીતે મદદ પહોંચાડ્યાં બાદ પણ તેમના પરિવારની પડખે રહેવાનું આ મિત્રો ચૂક્યા નથી. સુખાભાઈની નાની બહેનને ગાંધીનગરમાં અભ્યાસ કરવાની સુવિધા તેઓએ કરી આપી છે. હાલમાં જ તે લોકરક્ષક દળની પ્રેક્ટીકલ પરીક્ષામાં ઉત્તિર્ણ થઈ છે. લેખિત પરીક્ષા માટે તે એકાગ્રતાથી તૈયારી કરી રહી છે. તેના અભ્યાસની તમામ જવાબદારી સુખાભાઈના મિત્રો મોટા ભાઈની જેમ જ અદા કરી રહ્યા છે. સુખાભાઈના ઘરે પહોંચેલા આ મિત્રો તેમના પરિવારની આર્થિક અને માનસિક હાલત વર્ણવતા એકદમ સંવેદનશીલ બની જાય છે.

સરકારી કર્મચારીઓ પ્રત્યેની સંવેદના ચૂકતી સંવેદનસીલ સરકાર

ન્યૂ પેન્શન સ્કીમ હેઠળ દાખલ થયેલા સરકારી કર્મચારીનું જો આકસ્મિક મૃત્યુ થાય તો તેનો પરિવાર રાતોરાત રસ્તા પર આવી જાય છે : કુટુંબ પેન્શન અને રહેમરાહે નોકરી જેવી યોજનાઓ બંધ થતા સરકારી કર્મચારીના પરિવારનું ભવિષ્ય અંધકારમય બની રહ્યુ છે

સરકારની વિવિધ યોજનાઓ અને કાર્યક્રમોના અમલીકરણમાં દિવસ-રાત કાર્યરત રહેતા સરકારી કર્મચારીઓ પ્રત્યે સંવેદનશીલ સરકાર ભારે નિર્દયી છે. એનપીએસ હેઠળના સરકારી કર્મચારીનું જો આકસ્મિક અવસાન થાય તો તેમના પરિવારને કોઈ સુરક્ષા મળતી નથી. રાતોરાત તેમનો પરિવાર રસ્તા પર આવી જાય છે.

નવી પેન્શન સ્કીમ હેઠળના કર્મચારીઓ ભારે શોષણનો ભોગ બની રહ્યા છે. ફીક્સ પગારમાં નોકરી કરતા આ કર્મચારીઓ પૈકી જો કોઈ કર્મચારીનું આકસ્મિક અવસાન થાય તો તેમના પરિવાર પર તો આભ જ તુટી પડે છે. સરકારી કર્મચારીઓ ભલે દિવસ-રાત જોયા વગર સરકારનું કામ કરે પરંતુ તેમના પ્રત્યે અને તેમના પરિવાર પ્રત્યેની જવાબદારીથી સરકાર ચૂકે છે તે હકીકતને આંખ આડા કાન દઈ શકાય નહી.

યુવાન અવસ્થામાં આકસ્મિક અવસાન પામેલા સરકારી કર્મચારીઓની પડખે અડિખમ સરકાર ઉભી રહેતી નથી. સંવેદનશીલ સરકારની સંવેદના અહીં બહેર મારી જાય છે. નવી પેન્શન યોજના હેઠળ સરકારી કર્મચારીઓના પરિવારને કુટુંબ પેન્શન મળવા પાત્ર નથી. નાની ઉંમરે અવસાન થયુ હોય તો એનપીએસમાં પણ કોઈ જ રકમ એકત્ર થઈ ન હોય. વળી વર્ષો અગાઉ સરકારે રહેમરાહે નોકરીની યોજના પણ બંધ કરી દેતા સરકારી કર્મચારીઓ ઓશીયાળા બની રહ્યા છે. અકસ્માતે અવસાન પામેલા કર્મચારીઓના પરિવારને નજીવી રકમ આપીને સરકાર જાણે કર્મચારીઓ પર દયા દાખવતી હોય તેવુ વર્તન કરે છે. સુખાભાઈ જેવા કિસ્સામાં કુટુંબ પેન્શન અને રહેમ રાહે નોકરીની યોજનાનું મહત્વ સમજાય છે. કર્મચારીઓએ એકજૂથ થઈ આ બાબતે સરકારમાં મક્કમ રજૂઆત કરવી જોઈએ અને સરકારે પણ આવા કિસ્સાઓમાં વધુમાં વધુ કેવી રીતે મદદ પહોંચાડી શકાય તે દિશામાં વિચારવુ જોઈએ.

એન્વાયરમેન્ટ કેર એન્ડ ડેવલોપમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સ્કૂલના બાળકોની પ્રતિભાને ઉજાગર કરવાના હેતુથી અને એમને પ્રોત્સાહિત કરવા બાળકોને સ્કૂલ બેગ કીટનું વિતરણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ડો. કુલદીપ આર્ય (આઈએએસ) કલેકટર ગાંધીનગર દ્વારા બાળકોને સ્કૂલ બેગ કીટ વિતરણ કરવામાં આવ્યુ અને ચકલી બચાવો અભિયાન અને વડ વાવો અભિયાન અંતર્ગત પ્રકૃતિ પર્યાવરણ બચાવવા માટે જાગૃતિ અભિયાન હેતુ. બાળકોને સંદેશ પાઠવીને પર્યાવરણની રક્ષા માટે એક બાળ એક વૃક્ષનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. આપણા પરિવાર માટે દુનિયાની મોંઘાંમાં મોંઘી વસ્તુઓ ખરીદી શકાય પરંતુ શુધ્ધ હવા માટે તો આપણે આપણી પૃથ્વીને પ્રદુષણથી બચાવવી પડશે તેથી એનકેન પ્રકારે આપણી આવનારી પેઢી માટે મદદરૂપ થઈને પર્યાવરણને બચાવવા માટે એક પ્રયાસ કરીએ. વૃક્ષો વાવો જીવન બચાવો.

વસંતોત્સવનાં આજના અંતિમ દિવસે જાણીતા લોક ગાયક પાર્થિવ ગોહિલ દ્વારા લોકગીતો રજૂ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૨

તારીખ ૧૪મી માર્ચથી શરૂ થયેલા વસંતોત્સવનો આજે અંતિમ દિવસ છે. પાછલા ૯ દિવસમાં વસંતોત્સવની મુલાકાત માત્ર પાટનગરવાસીઓ જ નહી પરંતુ આસપાસનાં વિસ્તારનાં લોકો પણ લઈ ચૂક્યા છે અને આ સાંસ્કૃતિક ઉત્સવને મનભરી માણ્યો છે. વસંતોત્સવમાં આપણાં પારંપરીક અને વિસરાતા લોકનૃત્યો રજૂ કરવામાં આવે છે. દરરોજ રજૂ કરવામાં આવતી સાંસ્કૃતિક વિરાસત સમી સાંસ્કૃતિક પ્રસ્તુતિઓમાં તારીખ ૨૩-૩-૨૦૨૨ નાં રોજ ભાવનગરની દિવ્યાંગ શાળા દ્વારા ગણેશ વંદના, જય બહુચરાજી ચેરીટેબલ ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રાચિન ગરબો, આપણી લોક સંસ્કૃતિને આંતર રાષ્ટ્રીયસ્તરે ઉજાગર કરનાર કલાકાર શિવાજી ભોય અને સાથી કલાકારો દ્વારા ડાંગી નૃત્ય, લીમડીનાં રામભાઈ પી. કોણોતરા અને તેમના વૃંદ દ્વારા મંજીરા રાસ

રજૂ કરવામાં આવશે. તથા રાજ્યોની સાંસ્કૃતિક પ્રસ્તુતિમાં સીક્કીમ, પંજાબ, આસામ, પશ્ચિમ બંગાળ, મણીપુર, ઓરીસ્સા રાજ્યનાં કલાકારો દ્વારા સ્થાનિક પારંપરિક નૃત્ય રજૂ કરવામાં આવશે. જ્યારે ગુજરાતનાં સુવિખ્યાત કલાકારો દ્વારા રજૂ થનાર લોક સંગીતનાં કાર્યક્રમમાં જાણીતા લોકગાયક પાર્થિવ ગોહિલ દ્વારા લોકગીતો રજૂ કરવામાં આવશે. કાર્યક્રમનું જીવંત પ્રસારણ કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીની યુટ્યુબ ચેનલ તથા ફેસબુક પેજ Youth Service and Cultural Activities, Gandhinagar પરથી માણી શકાશે.

સંસ્કૃતિ કુંજ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ દેશી હાટની શૈલીમાં ઉભા કરાયેલા સ્ટોલમાં હસ્તકલાનાં કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવેલ કલાત્મક ચીજવસ્તુઓનુ પ્રદર્શન અને વેચાણ કરવામાં આવનાર હોય પાટનગરની જનતા પોતાની રૂચી પ્રમાણે વિસરાતી કલાત્મક વસ્તુઓની ખરીદી પણ કરી શકશે અને ખાણીપીણી બજારમાં ગુજરાતની અવનવી વિવિધ પ્રાંતની વાનગીઓનો સ્વાદ પણ માણી શકશે.

આ વખતે વસંતોત્સવમાં પોટ્રેટ રંગોળી અને રેત શિલ્પનાં કલાકારો દ્વારા દરરોજ નવિનતમ વિષય સાથે રેત શિલ્પનું સર્જન પાટનગરની કલારસિક પ્રજા માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. વસંતોત્સવમાં પ્રવેશ બપોરે ૨ વાગ્યાથી મેળવી શકાશે. જ્યારે સાંસ્કૃતિક કાર્યક્રમ સાંજે ૬.૩૦ વાગે શરૂ થશે.

ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજામાં વિશ્વ જળ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૨

વિશ્વ જળ દિવસની ઉજવણી એ જળ અંગે જન જાગૃતિનું કાર્ય છે. જળ એ જ જીવન છે અને તે સત્ય છે કારણ કે વર્તમાનમાં જળ માટેનાં સંઘર્ષ જોઈ શકાય છે. ગાંધીજીએ સાબરમતી નદીમાંથી અડધો લોટો જળ ભરીને સાચું જ કહ્યું હતું કે જળ પર પશુ-પંખી અને સમગ્ર જીવસૃષ્ટીનો અધિકાર છે, મારા એકલાનો નહીં. આપણે પણ ગાંધી મૂલ્યોનું જતન કરી વસુદેવ કુટુંબકમની ભાવના રાખી જતન કરીશું તો આવનાર પેઢીને વારસામાં જળ આપી સકીશું. ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજાના ડૉ. હસમુખ પંચાલે જળસંકટ અને સમાધાન અંગે વાત કરતા જણાવ્યું કે જો

આપણે જળને અશુદ્ધ થતું અટકાવીશું તો તેનું જતન કરવાનું આવડશે અને આ જ સૌથી મોટુ કર્તવ્ય છે. ડૉ.ધર્મેશ પટેલે જળ અને આરોગ્ય અંગે જણાવ્યું કે જળ એ પ્રત્યેક જીવિત કોશિકાનું આધારભૂત અંગ છે. જગતની જનતા જળની અગત્યતા અંગે જાગૃત બને. સંયોજક ડૉ.રાજીવ પટેલે સમગ્ર કાર્યક્રમમાં માર્ગદર્શન આપ્યુ હતુ.

સમ્યક યુવા ફાઉન્ડેશનનું પાણીના કુંડા અને ચકલીના માળાનું વિતરણ

ગાંધીનગરના સમ્યક યુવા ફાઉન્ડેશન દ્વારા વિશ્વ ચકલી દિવસ નિમિત્તે ૧૨૦ નંગ પાણીના કુંડા અને ચકલીના માળાનું વિના મૂલ્યે વિતરણ સેક્ટર -૨ સી ખાતે કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે સંસ્થા દ્વારા છેલ્લા ચાર વર્ષથી આ કાર્યને અવિરત ચાલુ રાખવામાં આવ્યું છે અને આવનાર દિવસોમાં ગાંધીનગર ખાતે અલગ અલગ વિસ્તારોમાં વિતરણ કરવાનું તેમનું આયોજન છે. આ ઉમદા કાર્ય માટે કશ્યપ વાળંદ, ટેનિષભાઈ મકવાણા, મયુર જાદવ, અનિલ ગોહિલ, ઈન્દ્રવદનભાઈ ગાંધી, દીપકભાઈ ભટ્ટ, રાકેશભાઈ રિક્ષાવાળા, જીગ્નેશ જાદવ, કુ. દિયા જાદવ, કુ. એંજલ ગોહિલ અને નિસર્ગ જાદવે સેવાઓ આપી હતી.

કલોલ પંથકમાંથી સગીરાને ભગાડી જનાર શખ્સ હજુ ફરાર

ગાંધીનગર, તા.૨૨

પાટણ જિલ્લાના હારીજ તાલુકાના વેજાવાડા ગામે રહેતા અને માતાજીના ભુવા તરીકે કામ કરતા દલપતજી પ્રભાતજી ઠાકોર એક વર્ષ અગાઉ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ગામની એક સગીરાને લલચાવી ફોસલાવી ભગાડી ગયો છે. આ દલપતજી છત્રાલ થી તા.૨૯ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ રાત્રીના નવ વાગ્યાના અરસામાં ભગાડી ગયો છે. આ આરોપી પોલીસથી બચવા માટે નાસતો ફરી રહ્યો છે. આરોપી અંગે કોઈ વ્યકિતને માહિતી મળે તો ગાંધીનગર મહિલા પોલીસ મથકે અથવા નજીકના પોલીસ મથકે જાણ કરવા જણાવાયું છે.

કાંઠા પ્રાથમિક શાળામાં રસીકરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

કલોલ ખાતે ૧૨ થી ૧૪ વર્ષના બાળકોનું રસીકરણ કરવામાં આવ્યું હતું. જેમાં કાંઠા પ્રાથમિક શાળા ખાતે આરોગ્ય વિભાગના કર્મચારી તથા શાળાના આચાર્ય સંજયકુમાર એલ. ભગોરા અને શાળાનો સમગ્ર સ્ટાફ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે NFSUના કુલપતિ ડૉ. જે.એમ. વ્યાસને 'પદ્મશ્રી' એવોર્ડથી સન્માનિત કરાયા

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU)ના કુલપતિ, ડૉ. જે.એમ. વ્યાસને રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્હી ખાતે 'પદ્મશ્રી' એવોર્ડ સન્માનિત કરવામાં આવ્યા હતા. ડૉ. જે. એમ. વ્યાસને ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રે તેઓની વિશિષ્ટ સેવા બદલ દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારોમાંના એક એવા પ્રતિષ્ઠિત 'પદ્મશ્રી' એવોર્ડથી સન્માનવામાં આવ્યા હતા.

રાષ્ટ્રપતિ ભવનના દરબાર હોલ ખાતે યોજાયેલા પદ્મ-પુરસ્કાર-૨૦૨૨ સન્માન-અલંકરણ સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવોમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીઓનો સમાવેશ થયો હતો.

'પદ્મશ્રી' પુરસ્કાર પ્રાપ્ત કર્યા પછી, નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU)ના કુલપતિ ડૉ. જે. એમ. વ્યાસે આનંદ વ્યક્ત કર્યો હતો અને ગૌરવની લાગણી અનુભવી હતી.

ઇસીડીસીનું ચકલીના માળા, કુંડા અને માહિતી પુસ્તિકાનું વિતરણ

વિશ્વ ચકલી દિવસ નિમિત્તે ગાંધીનગરમાં સચિવાલય પાસે એસબીઆઈ બેંકની મુખ્ય કચેરી નજીક એન્વાયરમેન્ટ કેર એન્ડ ડેવલોપમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિશ્વ ચકલી દિવસ નિમીતે ચકલીના માળા, ચકલી માટે પાણીના કુંડા અને ચકલી બચાવવા માટેના પ્રયાસ કરવા માટેની માહિતી પુસ્તિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં સંસ્થાના સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.